## આપણી વાત

■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■

- તા.૨૭-૨-૨૦૧૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને એસ.એન.ડી.ટી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મુંબઈના ઉપક્રમે તારાબેન મંગળદાસ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી સેજલ શાહે ‘સાહિત્યસંશોધનની પ્રક્રિયા અને લોકસાહિત્યના સંશોધનક્ષેત્રે ઝવેરચંદ મેઘાણીનું પ્રદાન’ વિષય પર મુંબઈ ખાતે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૧-૩-૨૦૧૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી ભાષા-સાહિત્યભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના ઉપક્રમે શ્રી કે. બી. વ્યાસ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી બિપીન આશરે ‘ભાષાઅધ્યયનની પરંપરા - ગુજરાતી ભાષા સંદર્ભે’ વિષય પર રાજકોટ ખાતે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૯-૩-૨૦૧૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને પુરુષાર્થ શિક્ષણ સંકુલ, ભાણવડના સંયુક્ત ઉપક્રમે શ્રી પી. જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી શાંતિલાલ રાણિંગાએ ‘લોકસાહિત્યના ત્રણ મહાન સ્તંભ’ વિષય પર વક્તવ્ય આપ્યું હતું.
- તા.૧૦-૩-૨૦૧૭ના રોજ સુધા દેસાઈ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી મહેન્દ્રસિંહ પરમારે ‘લાભશંકર ઠાકરનાં નાટકો’ વિષય પર અહિરછત્ર સંસ્કાર કેન્દ્ર, ભાવનગર ખાતે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા. ૧૪-૩-૨૦૧૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને શેઠ એસ. ડી. શેઠિયા કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રા ખાતે શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી દર્શના ધોળકિયાએ ‘ધીરેન્દ્ર મહેતાની વિવેચક પ્રતિભા’ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૨૪-૬-૨૦૧૭ના રોજ શ્રી ચંદ્રકાન્ત શેઠપ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી પુષ્પા અંતાણીએ ‘બાલવાર્તા અને હું’ વિષય પર રોટરી હૉલ, હૉસ્પિટલ રોડ, ભુજ-કચ્છમાં વક્તવ્ય આપ્યું હતું.
- તા.૨૭-૬-૨૦૧૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને મહિલા કૉલેજ ભારતીય વિદ્યાભવન જામનગર-એકમના ઉપક્રમે વાર્તાકાર જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી મુનિકુમાર પંડ્યાએ ‘મલયાનિલ’ના વાર્તાસંગ્રહ ‘ગોવાલણી અને બીજી વાતો’ - શતાબ્દીવર્ષ સંદર્ભે જામનગર ખાતે વક્તવ્ય આપ્યું હતું.



### અભિનંદન

સત્ત્વશીલ સાહિત્યસર્જન દ્વારા પ્રજાજનોમાં મૂલ્યનિષ્ઠાનું સંવર્ધન-સંગોપન કરનારા મૂર્ધન્ય સર્જકને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પચ્ચીસ હજાર રૂપિયા, સ્મૃતિચિહ્ન તથા શાલ અર્પણ કરીને ‘સચ્ચિદાનંદ સન્માન’ દ્વારા સન્માનિત કરવામાં આવે છે.

**૨૦૧૩ : શ્રી ગુલામમોહમંદ શેખ**
**૨૦૧૪ : શ્રી ધ્રુવ ભટ્ટ**
**૨૦૧૫ : શ્રી હિમાંશી શેલત**
**૨૦૧૬ : શ્રી મોહન પરમાર**

આ ચારેય સર્જકોને અભિનંદન. શ્રી હિમાંશી શેલતે સૈદ્ધાંતિક રીતે આ સન્માન સ્વીકારવાની અનિચ્છા દર્શાવી છે.

## આમંત્રણ

સચ્ચિદાનંદ સન્માન તથા ગુજરાતી સાહિત્ય પરિષદનાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫નાં પારિતોષિક વિતરણનો સમારંભ તા. ૨૨-૭-૧૭ ને શનિવારે યોજવામાં આવ્યો છે. રસ ધરાવતા સહુને આ કાર્યક્રમમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે.

**તારીખ :** ૨૨-૭-૨૦૧૭ શનિવાર
**સમય :** બપોરે ૩.૦૦
**સ્થળ :** રા. વિ.પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, આશ્રમ રોડ, અમદાવાદ-૯.

❖

## પરિષદના કાર્યક્રમો

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ તથા ગુજરાતી ભાષાસાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વ્યાખ્યાનમાળા અંતર્ગત ડૉ. વિજય પંડ્યા ‘સંસ્કૃત સાહિત્યના વિવેચક (અને અનુવાદક) શ્રી ઉમાશંકર જોશી’ વિષય પર વક્તવ્ય આપશે.

**તારીખ :** ૨૧-૭-૨૦૧૭ ને શુક્રવારે બપોરે ૧૨.૦૦ કલાકે
**સ્થળ :** ઉમાશંકર જોષી હોલ, ગુજરાતી ભાષાસાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**તારીખ :** ૨૯-૭-૨૦૧૭ને શનિવારે પુરસ્કાર-મીમાંસા એક દિવસીય પરિસંવાદ.
**સ્થળ :** રા. વિ.પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, આશ્રમ રોડ, અમદાવાદ-૯.